# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૩૦/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# 'બિઝનેસ ડેવલપમેન્ટ સ્ટ્રેટેજીસ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૯ જૂન ૨૦૨૧ના રોજ 'બિઝનેસ ડેવલપમેન્ટ સ્ટ્રેટેજીસ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે સ્ટાર્ટ–અપ મેન્ટર અને પેટન્ટ એટોર્નિ ડો. અનિલ સરાવગીએ મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. અનિલ સરાવગીએ જણાવ્યું હતું કે, સાંપ્રત સમયમાં નવા બિઝનેસ શરૂ કરવા તાલિમની જેટલી જરૂર છે એના કરતા વધારે રનીગ બિઝનેસ અને ઇન્ડસ્ટ્રીને વેગ આપવા અને વિકાસ કરવા માટે ખાસ તાલિમની જરૂર રહેલી છે. ખાસ કરીને હાલના તબકકે સ્પર્ધા ખૂબ જ વધી ગઇ હોવાથી ઘણા બિઝનેસમેનને એવું લાગે છે કે એના હાલના બિઝનેસમાં કોઇ ખાસ પ્રગતિ થઇ શકે એમ નથી અને એ પોતાના હાલના બિઝનેસને નજરઅંદાજ કરવાને બદલે નવી તકો શોધવામાં પોતાની શકિત વાપરે છે.

તેમણે ઉદ્યોગકારોને એ બાબત સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે હાલમાં ખાસ કરીને ભારત દેશમાં દરેકે દરેક ક્ષેત્રમાં ખૂબ જ ઉજળી તકો રહેલી છે. તેમણે કેડબરી અને ડાબર હની વિગેરે રાષ્ટ્રીય કક્ષાના અને સુરતના એસ.કે. મસાલા જેવી વિવિધ કંપનીના દાખલા આપીને ઉદ્યોગકારોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે બિઝનેસના ડેવલપમેન્ટ માટેની યોગ્ય સ્ટ્રેટેજી અપનાવીને તેને અનુકુળ નિર્ણય લેવો જોઇએ.

બિઝનેસ એકસપાન્શન અને ડાયવર્સિફિકેશન તરફ ધ્યાન આપવાને બદલે રનીગ બિઝનેસના ડેવલપમેન્ટ માટે શું સારુ કરી શકાય છે તે દિશામાં વિચારીને પ્રયાસ કરવામાં આવે તો ચોકકસપણે બિઝનેસમાં ગ્રોથ થઇ શકે એમ છે. વધુમાં તેમણે ઇન્ટેન્સીવ સ્ટ્રેટેજીસમાં માર્કેટ પેનીટ્રેશન, માર્કેટ ડેવલપમેન્ટ અને પ્રોડકટ ડેવલપમેન્ટ જેવી સ્ટ્રેટેજીસની વિસ્તૃત છણાવટ કરી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ વેબિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું.